## <u>સ્પે.દિ.મુ.નં.૬/૧૯ ના કામે આંક–૫ ની મનાઈહુકમ  અરજી લગત</u>

(૧) વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની ટુંકમા હકીકત એવા પ્રકારની છે કે, વાદીઓ અને પ્રતિવાદી ગુજ. કાબાભાઈ મંગાભાઈ મુળીયાસીયાના સીધી લીટીના વારસદારો છે, તેઓના માતૃશ્રી તેમજ એકભાઈ સુરાભાઈ કાબાભાઈ મુળીયાસીયા ગુજરી ગયેલ છે,

વાદીના પિતાશ્રી ગુજ. કાબાભાઈ માંગાભાઈ મુળીયાસીયાની જુનાગઢ જીલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામની સીમમાં રેવન્યુ સર્વે **નં. ૩૨૬,૩૨૭, ૫૧૧/૨** થી ખેતીની જમીન આવેલ છે જેની રેવન્યુ એન્ટ્રી નં. ૬૨૦ તા. ૧૧/૧૨/૧૯૮૨ ના રોજ પડેલ છે વાદીના પિતાશ્રીના અવશાન બાદ ઉપરોકત દાવાવાળી જમીન વાદીઓ, પ્રતિવાદી, વાદીના માતૃશ્રી ગુજ. લાખીબેન તથા ગુજ. સુરાભાઈ ના નામે હકક પત્રક એન્ટી નં. ૨૨૬૦ તા. ૨/૩/૧૯૯૧ ના રોજ સંયુકત ખાતે મંજુર થયેલી, વાદી નં. ૨ ને જમીન ખરીદવાની હોય જેથી વાદી ખાતેદાર ખેડુત હોય તો જ ખેતી ની જમીન ખરીદ કરી શકે, જેથી વાદી નં. ૨ નાઓએ ધંધુસર ગામે જઈ તેઓની જમીનના રેવન્યુ રેકર્ડ મંગાવતા આ કામના પ્રતિવાદીએ દલ્લા – તલ્લા કરેલ અને ખાતાની ચોપડી કે રેવન્યુ રેકર્ડ, ગામના નમુના, ૭/૧૨ કે કોઈ વસ્તુ આપેલ નહી જેથી વાદી નં. ૨ નાએ તેઓના માતૃશ્રીને જાણ કરતા તેઓએ જણાવેલ કે, વંથલી મામલતદાર તથા તલાટી પાસેથી રેવન્યુ રેકર્ડ કઢાવી લેશુ જેથી વાદી નં. ૨ નાએ મામલતદારશ્રી પાસેથી દાવાવાળી જમીનનો રેવન્યુ રેકર્ડ તપાસતા જણાવવા મળેલ કે તેઓની જાણ બહાર તેઓની પીઠ પાછળ ઘા કરી તા. ૨૪/૪/૧૯૯૪ ના રોજ ધંધુસર હકક પત્રક એન્ટ્રી નં. ૨૪૫૦ નોંધાયેલ જેમા આ કામના પ્રતિવાદીએ તમામ જમીન તેના નામે તથા વાદીઓના માતૃશ્રીના નામે કરાવી લીધેલી આ બાબત જાણ

વાદીના માતૃશ્રીને થતા વાદીના માતૃશ્રીએ તેની હયાતીમાં ફરી વાદીઓના નામ હકક પત્રકમાં વારસોના નામ દાખલ કરવા તા. ૨૧/૪/૨૦૧૬ ના રોજ અરજી દાખલ કરી અને અરજી સાથે સોગંદનામુ પણ રજુ કરેલ, પરંતુ મામલતદારશ્રિ વંથલી એ તા. ૭/૫/૨૦૧૬ ના હુકમ કરેલ કે નોંધ નં. ૨૪૫૦ થી રાંભીબેન કાબાભાઈ, લીરીબેન કાબાભાઈ તથા બાધીબેન કાબાભાઈ એ હકક ઉઠાવી લીધેલ છે તથા સુરાભાઈ કાબાભાઈ ગુજરી જતા તેનુ નામ કમી કરેલ છે.

જેથી વાદીઓ લીરીબેન કાબાભાઈ મુળીયાસીયા, રાંભીબેન કાબાભાઈ મુળીયાસીયા તથા બાધીબેન કાબાભાઈ મુળીયાસીયા ના નામો દાખલ કરવા નોંધ નં. ૨૪૫૦ ની સામે અપીલ રીવીઝન અરજી કરવાની થાય છે. આવો કાયદો વિરૂધ્ધનો હુકમ કરેલ જેથી તે હુકમ મુજબ વાદીઓ તથા પ્રતિવાદીના માતૃશ્રી લાખીબેન કાબાભાઈ એ નાયબ કલેકટર વંથલી, કોર્ટમાં આર.આર.ટી. અપીલ નં. ૩૪/૨૦૧૫ અપીલ દાખલ કરેલ નામદાર નાયબ કલેકટર વંથલી ના એ તા. ૩૦/૧૦/૨૦૧૮ ના હુકમ થી તે આ વાદીઓની અપીલ અરજી ૨૫ વર્ષ જેવા સમય બાદ લાવવામાં આવેલ છે જે અયોગ્ય છે જેથી સર્કલ ઓફીસર વંથલીના વાદગ્રસ્ત તા. ૩૦/૫/૧૯૯૪ નો નિર્ણય કાયદેસર હોવાથી તેમા હસ્તક્ષેપ કરવાનુ ઉચીત જણાતુ નથી એમ કહી વાદીની અપીલ અરજી ના–મંજુર કરવામાં આવેલ છે તેથી સામે વાદીઓ જુનાગઢ કલેકટર સાહેબની કોર્ટ અપીલ રીવીઝન કરેલ છે. જે હાલ પેન્ડીગ છે.

વાદીઓની પીઠ પાછળ ઘા કરી વાદીઓની જાણ બહાર આ કામના પ્રતિવાદીએ તા. ૨૪/૪/૧૯૯૪ ના રોજ ધંધુસર હકકપત્રક એન્ટ્રી નં. ૨૪૫૦ નોંધાયેલ છે જેમાં આ કામના પ્રતિવાદી ઓઘાભાઈ કાબાભાઈ મુળીયાસીયા તથા અમારા ગુજ. માતૃશ્રી લાખીબેન કાબાભાઈ મુળીયાસીયા ના નામે સર્વે નં. ૩૨૬ એકર ગુઠા ૨–૧૬

જેના હે.આરે. ચો.મી. ૧–૦૨–૧૯ તથા સર્વે નં. ૩૨૭ એકર ગુઠા ૨–૦૪ જેના હે.આરે. ચો.મી. ૦–૯૨–૦૬ તથા સર્વે નં. ૫૧૧/૨ એકર ગુઠા ૧–૩૬ જેના હે.આરે.ચો.મી. ૨–૭૨–૧૪ ખાતા નંબર ૧૨૬ થી ખાતે કરાવી લીધેલી.

સરદહુ ખેડખાતામાંથી આ કામના વાદીઓના નામ જાણ કર્યા વગર કલમ–૧૩૫(ડી)ની નોટીસ બજાવ્યા વિના કમી કરી નાખવામાં આવેલ છે. પીઠ પાછળ નોંધ નંબર ૨૪૫૦ મંજુર કરવામાં આવેલ છે. તે નોંધ રદ કરવા વાદીઓની નમ્ર વિનંતી છે. કારણ કે વાદીઓએ કોઈ ભાગ જતો કર્યો નથી કે વાદીઓને ભાગ મળેલ નથી. ઘરમેળે સમજુતી કબુલાત થયેલી જ નથી અને તે કારણે સરદહુ એન્ટ્રી

નં. ૨૪૫૦ નોંધવામાં આવેલ છે. તેમા ખોટી વિગતો દર્શાવવામાં આવેલ છે. ઘરમેળે કોઈ સમજુતી થયેલી નથી તે વાસ્તવિક ખરી અને સત્ય હકીકત છે. આ કામે કલમ– ૧૩૫(ડી) ની નોટીસ સંબંધકર્તાને બજાવવા માટે લેન્ડ રેવન્યુ કોડમાં મેન્ડટરી જોગવાઈ હોવા છતાં તે જોગવાઈનો અમલ થયેલ નથી. મુખ્ય અને ખાસ નવાઈની વાત તો એ છે કે આ કામના વાદી નં. ૨ બાધીબેન કાબાભાઈ મુળીયાસીયા ધોરણ–૭ સુધી ભણેલ છે અભણ નથી લખતા વાંચતા આવડે છે. તા. ૨૪/૪/૧૯૯૪ ની એન્ટ્રી નં. ૨૪૫૦ ના કાગળો જોતા તા. ૧૨/૪/૧૯૯૪ ના રોજ ની મામલતદાર સાહેબ વંથલીને સંબોધીને આ કામના પ્રતિવાદીએ અરજી આપેલ છે. અને તા. ૨૪/૪/૧૯૯૪ ના રોજ એન્ટ્રી નં. ૨૪૫૦ મંજુર કરી દેવામાં આવેલ છે. આ બધા સંજોગો જોતા વાદીઓના નામનુ તલાટી મંત્રી રૂબરૂનું કબુલાત ફોર્મ હકકપત્રક ઉઠાવી લેવાના કાગળો તથા તે એન્ટ્રીના કાગળો સાથે ઉભા કરી રાખી દીધા છે.

આમ વાદીઓએ કોઈ કબુલાત કરી નથી કે તેમા કોઈ અંગુઠો કરેલ નથી. આ કહેવાતી ખોટી અને ઉભી કરેલ કબુલાત માં કાંઈ તારીખ નથી નાખેલ જે કબુલાત

પ્રતિવાદીએ તથા તેના મળતીયાઓએ ઉભી કરેલ છે. આ તમામ એન્ટ્રી નં. ૨૪૫૦ ના દસ્તાવેજો શંકા સેવે છે, ખોટા છે. આ કામના વાદી નં. ૨ ના ધોરણ–૭ સુધી ભણેલ છે. લખતા વાંચતા આવડે છે. આ ૨૪૫૦ ની એન્ટ્રી તા. ૨૪/૪/૧૯૯૪ ના રોજ બોગસ ડોકયુમેન્ટ ઉભા કરી પાડવામાં આવેલ છે. તે એન્ટ્રી પડકારવા માટે રેવન્યુ કોર્ટમાં પ્રોસીડીંગ ચાલુ છે. ત્યારબાદ વાદીઓના માતૃશ્રીનુ તા. ૧૮/૬/૨૦૧૮ રોજ અવશાન થતા આ કામના પ્રતિવાદીએ આ ઉપરોકત તમામ જમીન વાદીઓની જાણ બહાર તેના એકલાના નામે રેવન્યુ એન્ટ્રી નં. ૭૫૬૨ થી ચડાવી લીધેલ છે. વાદીઓએ એન્ટ્રી નં. ૭૫૬૨ ના હુકમ સામે અપીલ કરેલ છે. હાલમા પ્રતિવાદીએ વાદીઓની સંયુકત હીન્દુ કુટુંબની વડીલો પાર્જીત ખેતીની જમીન વેચવા માટે પુરજોરથી તૈયારી કરતા હોય જેથી હાલનો દાવો લાવવા જરૂર પડેલ છે.

૧૯૫૬ ના હીન્દુ સકસેશન એકટ હેઠળ આ જમીનમાં પાર્ટીશન ઓપન થાય ત્યારે વાદીઓના ભાગનો હકક હતો અને છે વાદીઓએ પોતાનો ભાગ જતો કર્યો નથી કે પ્રતિવાદી જોગ રજીસ્ટર રીલીઝ ડીડ કરેલ નથી. રેવન્યુ એન્ટ્રી નં. ૨૪૫૦ તા. ૨૪/૪/૧૯૯૪ અંગે વાદીઓને કોઈ નોટીસ બજાવવામાં આવેલ નથી અને વાદીઓની જાણ બહાર અને રજુઆત કરવાની કોઈ તક આપ્યા વગર પ્રતિવાદીએ રેવન્યુ ઓથોરીટીમાં વગર કારણે એકતરફી એન્ટ્રી પડાવી લીધેલ છે. "રેવન્યુ એન્ટ્રીઓએ ફીસકલ પર્પઝ" માટે છે. જેનાથી વાદીઓના ભાગ હકક હીતને કોઈ અસર નથી.

હીન્દુ વારસા ધારામાં સને ૨૦૦૫ નાં સુધારાથી વાદીઓને મળેલ હકક મુજબ આ જમીનનુ વાદીઓ સાથે કોઈ પાર્ટીશન થયેલ નથી કે, વાદીઓને તેઓનો હકક હીસ્સો મળેલ નથી. આ દાવાવાળી મિલ્કત સંયુકત કુટુંબની વડીલો પાર્જીત મિલ્કત

છે અને એમેન્ડમેન્ટ થી કાયદાઓ વાદીઓને કો–પાર્સનર જાહેર કરેલ છે અને પાર્ટીશન ઓપન કરાવવા સુધારેલ કાયદાથી વાદીઓને હકક મળેલ છે. આ જમીન પૈકી એક સર્વે નં......ઉપર વાદીઓનો કબજો ભોગવટો છે અને કો–પાર્સનર તરીકે દાવાવાળી બધી મિલ્કતમાં વાદીઓનો સરખો હીસ્સો ૧/૪ ભાગ છે અને મિલ્કત માલીક દરજજે સોપવામાં તથા દરમ્યાન ઉપજ હીસાબ લેવા હાલનો દાવો લાવવા જરૂરી પડી છે. જેથી વાદીએ હાલનો દાવો દાખલ કરી હાલની વચગાળાની મનાઈ અરજી રજુ કરેલ છે.

(૨) વાદીના દાવા તથા મનાઈ હુકમ અરજીની બજવણી પ્રતિવાદીને થતાં વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૨ થી વાદીનો દાવો તથા મનાઈ અરજીનો જવાબ રજુ કરી એ મતલબની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, વાદીઓ તથા પ્રતિવાદીઓ સીધીલીટીના વારસદારો હોવા અંગેની હકીકત ઈન્કાર કરેલ છે, પક્ષકારોના માતૃશ્રી તા. ૧૮/૬/૨૦૧૮ ના રોજ અવશાન પામેલ હોવાની હકકીત રેકર્ડ ઉપર છે, તથા એકભાઈ સુરાભાઈ કાબાભાઈ મુળીયાસીયા ઘણા વર્ષ પહેલા ગુજરી ગયા તેમજ પ્રતિવાદીના પિતાશ્રી આશરે ૧૯૮૫ માં ગુજરી ગયા અંગેનો કોઈ લેખિત આધાર રજુ કરેલ નથી, જેથી સદરહુ હકીકત ખરી હોવાનો ઈન્કાર કરેલ છે. ગુજ. કાબાભાઈ મંગાભાઈ મુળીયાસીયાની જુનાગઢ જીલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામના ખાતેદાર ખેડુત હોવાની અને દાવાવાળા ત્રણેય સર્વે નંબર ધારણ કરતા હોવાની હકીકત નો ઈન્કાર કરેલ છે. વાદીઓની પીઠ પાછળ ઘા કરી વાદીઓની જાણ બહાર અને બોમ્બે રેવન્યુ કોર્ટ કલમ– ૧૩૫(ડી) ની નોટીસ બજાવ્યા વગર વાદીઓના નામ કમી કરાવી તેમજ બોગસ ડોકયુમેન્ટ ઉભા કરી પ્રતિવાદીએ તા. ૨૪/૪/૧૯૯૪ ના રોજ ધંધુસર હકક પત્રક એન્ટ્રી નં. ૨૪૫૦ નોંધાવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ

છે. તેમજ દાવાવાળી જમીન પૈકી એક સર્વે નંબર ઉપર વાદીઓનો કબજો ભોગવટો હોવાનુ ઈન્કાર કરેલ છે. વાદીઓની હિન્દુ સકસેન એકટ સને ૨૦૦૫ના એમેડમેન્ટ મુજબ દાવો લાવવાનો અધિકાર નથી. દાવા વાળી મિલકતના પ્રતિવાદી સ્વતંત્ર માલિક છે. વાદીને હાલનો દાવો લાવવા કોઈ હકક કે અધિકાર ન હોય વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદી તરફે આંક–૧૬ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમા તેઓએ પ્રતિવાદીની જવાબની હકીકતોનો ઈન્કાર કરી પોતાની દાવાની હકીકતોને વળગી રહેલ છે.

(૪) વાદી તરફે વિ. વ. શ્રી બી.એમ. ઝીંઝુવાડીયા ની દલીલો સાંભળી. પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ડી.વાય. શુકલ ની દલીલો સાંભળી તેમજ વાદી તરફે આંક–૩૮ થી રજુ થયેલ લેખીત દલીલ ધ્યાને લીધી.

વાદી તરફે પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ન્યાયીક નિર્ણયો રજુ કરેલ છે.

(૧) 2011 (2) GLR Page 1449

Pagi Aataji Kachraji V/s. State of Gujarat & anr.

(૨) 2011 Law Suit (Suprem Court) Page 1103

Ganduri Koteswaramma & Anr. V/s Chakiri Yanadi & Anr.

(૩) 2002 (3) GLR Page 2256

Popat Khima Ramani (DECD) Through his Legal heirs V/s. Collector, Rajkot

(૪) 2009 (2) GLH Page 94

Sneh Gupta V/s. Devi Sarup

(૫) 2007 (1) GLH Page 788

Radhiben Wd/O. Chetia Mauji Katara & Anr. V/s. Surtan Vesta Damor & Anr.

(૬) 1983 (2) GLR Page

Ibrahim Shah Mohmad V/s. Noor Ahemad Noor Mohmad

(૭) 2000 Law Suit (Gujarat) Page 696

Adani Export Ltd. V/s. Hindustan Organic Cemical Ltd.

(૫) આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ વાદીઓ પુરવાર કરે છે કે તેઓને પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં નઆવે તો તેઓને નાણામાં ભરપાઈ ન શકે તેવું નુકસાન થવા સંભવ છે ?

૪. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

(૭) ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભિપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

**// કારણો//**

(૮) **મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા**

આ કામે તમામ મુદ્દાઓ હકીકતથી પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકતરીતે કરવામાં આવેલી છે.

આ કામે પક્ષકારો તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં પહેલાં અહીં એ નોધવું જરૂરી છે. કે મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે.અને સમન્યાયી અદાલત દાવા તારીખની સ્થિતિને લક્ષમાં લઈ ને હુકમ કરે છે.મનાઈ હુકમ રૂટીન કોર્ષમાં મંજુર થઈ શકે નહિ પરંતુ પ્રથમદર્શનીય રીતે કેસ ફલીત થતો હોય ત્યારે મંજુર થવા પાત્ર હોય છે. માત્ર પ્લીડીંગ્સના આધારે મજબુત કેસ ગણી શકાય નહિ. પ્રથમદર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભવિષ્યમાં નાણામાં ના આંકી શકાય તેવુ નુકસાન પ્રથમદર્શનીય રીતે પુરવાર થવુ જરૂરી છે. મનાઈ હુકમ એ વિવેક બુધ્ધીની દાદ છે, કોઈ વ્યકિત હકકની રૂએ મનાઈ હુકમ માંગી શકે નહિ. મનાઈ હુકમ મંજુર કરતી વખતે કે ના મંજુર કરતી વખતે રેકર્ડ ઉપરથી હકીકતો લક્ષમાં રાખી પ્રથમદર્શાનીય રીતે નિર્ણય કરવાનો રહે છે. મનાઈહુકમની દાદ એ સમન્યાયી દાદ હોવાથી જે વ્યકિત દાદ માંગે તેણે અદાલતને સ્પષ્ટપણે બતાવવુ જોઈએ કે તેના તરફે કોઈ ફોલ્ટ નથી અને વધુમાં વાદીએ સ્વતંત્ર રીતે તેઓનો પ્રથમ દર્શાનીય કેસ પુરવાર કરવાનો રહે છે. અને તે માટે તેઓ સામાપક્ષના કેસની નબળાઈ ઉપર આધાર રાખી શકે નહિ.આજ હકીકતના પરીધમાં આ દાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો વાદીએ પ્રથમ દર્શાનીય એ સાબીત કરવાનું રહે છે કે, પ્રતિવાદીઓના કૃત્યોથી દાવાવાળી મિલ્કતમાં રહેલ વાદીના કાનુની હકકને હાની થાય તેમ છે.

વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવા માટે એ બતાવવુ પડે કે, દાવામાં મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકકોનો નિર્ણય કરવાનો છે,જેમાં તે સફળ થાય તેવી પુરેપુરી શકયતા છે અને વાદીએ પોતાના

હકકોના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ માંગેલ છે જેથી તે પોતાના હકકો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તેમ છે.વાદીએ હાલની મનાઈ અરજીના સમર્થનમાં માર્ક ૪/૧થી વડીલોપાર્જીત ખેતીની જમીનનાં ગામનો નમુનો નં–૬ હકક રજુ કરેલ છે. જે ઘ્યાને લેતા દાવાવાળી જમીન ને કાબાભાઈ મંગાભાઈની હોવાનું જણાઈ આવેલ છે. ત્યારબાદ વાદીએ ઉતરોતર હકક પત્રની નકલો રજુ કરેલ છે. વાદી પક્ષે માર્ક ૪/ર થી વડીલોર્પાજીત જમીનમાથી હકક ઉઠાવી લેવાની મામલતદારશ્રી ને કરેલ અરજી રજુ કરેલ છે. જે અરજી લગત બોમ્બે રેવન્યુ કોડની કલમ–૧૩પ ડી મુજબની નોટીસોની ખરીનકલ રજુ કરેલ છે અને એ મતલબની રજુઆત કરેલ છે કે, વાદીઓને જાણ કર્યા વગર કલમ–૧૩પ ડીની નોટીસ બજાવ્યા વિના વાદીઓના નામ કમી કરાવી નાખેલ છે. અને વાદી નં–ર બાઘીબેન કાબાભાઈ મુળીયાસીયા ભણેલા હોવા છતા તેનો અંગુઠો કરવામા આવેલ છે. વાદીઓએ કોઈ કબુલાત આપેલ નથી કે કોઈ અંગુઠો કરેલ નથી. કબુલાત વાદી તથા તેના મળતીયાઓએ ઉભી કરેલ છે. હિન્દુ સકસેશન એકટ મુજબ તેઓને મળવાપાત્ર હકક ડુબાડવામા આવેલ છે.વાદીઓએ કોઈ ભાગ જતો કર્યો નથી કે વાદીઓને ભાગ મળેલ નથી. ઘરમેળે સમજુતી કબુલાત થયેલી જ નથી અને તે કારણે સરદહુ એન્ટ્રી નં. ૨૪૫૦ નોંધવામાં આવેલ છે. તેમા ખોટી વિગતો દર્શાવવામાં આવેલ છે. ઘરમેળે કોઈ સમજુતી થયેલી નથી તે વાસ્તવિક ખરી અને સત્ય હકીકત છે. આ કામે કલમ– ૧૩પ(ડી) ની નોટીસ સંબંધકર્તાને બજાવવા માટે લેન્ડ રેવન્યુ કોડમાં મેન્ડટરી જોગવાઈ હોવા છતાં તે જોગવાઈનો અમલ થયેલ નથી. મુખ્ય અને ખાસ નવાઈની વાત તો એ છે કે આ કામના વાદી નં. ર બાઘીબેન કાબાભાઈ મુળીયાસીયા ધોરણ–૭ સુધી ભણેલ છે અભણ નથી લખતા વાંચતા આવડે છે. તા. ૨૪/૪/૧૯૯૪ ની એન્ટ્રી નં. ૨૪૫૦ ના કાગળો જોતા તા. ૧૨/૪/૧૯૯૪ ના રોજ ની

મામલતદાર સાહેબ વંથલીને સંબોધીને આ કામના પ્રતિવાદીએ અરજી આપેલ છે. અને તા. ૨૪/૪/૧૯૯૪ ના રોજ એન્ટ્રી નં. ૨૪૫૦ મંજુર કરી દેવામાં આવેલ છે. આ બધા સંજોગો જોતા વાદીઓના નામનુ તલાટી મંત્રી રૂબરૂનું કબુલાત ફોર્મ હકકપત્રક ઉઠાવી લેવાના કાગળો તથા તે એન્ટ્રીના કાગળો સાથે ઉભા કરી રાખી દીધા છે. આમ, વાદીઓએ રેવન્યુ કાર્યવાહીમાં કબુલાત ફોર્મ ઉપર અંગુઠા કરેલ છે કે નહી અને વાદીઓની રજુઆત મુજબ સદર કામે રજુ થયેલ ૧૩૫ ડીની નોટીસમાં તેમજ કબુલાત ફોર્મમાં કરવામા આવેલ અંગુઠાઓ વાદીઓના નથી તે હકીકત પુરાવો લીધા સિવાય પુરવાર થઈ શકે તેમ ન હોય તેવા સંજોગોમાં વાદી તરફે રજુ થયેલ 2009 LAW SUIT (SC) 247 Sneh Gupta V/s. Devi Sarup and Others ન્યાયીક નિર્ણયની હકીકતો હાલના દાવાની હકીકતોથી અલગ હોય તેમજ વાદી તરફે રજુ થયેલ ન્યાયીક નિર્ણયોમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતથી વાદીને કોઈ લાભ મળી શકે તેમ નથી. તેમજ વાદીએ ઉપસ્થીત કરેલ તકરાર ઉપર જણાવયા મુજબ પુરાવો લીધા સીવાય નિર્ણીત થઈ શકે તેમ ન હોય, આમ, વાદી પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી ત્યારે વચગાળાના મનાઇ હુકમથી પક્ષકારોને થતી અનુકુળ / પ્રતિકુળ અસરોનું તુલનાત્મક મુલ્યાંકન કરવુ જરૂરી બને છે જેને ''બેલેન્સ ઓફ કન્વીન્યનસ'' કહેવામા આવે છે. વાદીને જો મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓનેવધારે અગવડતા/સગવડતા થાય તેમ હોઇ ''બેલેન્સ ઓફ કન્વીન્યનસ'' પણ વાદીની તરફેણમાં નથી અને તેવા સંજોગોમાં વાદી જો તેઓનો માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈહુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવા સંભવ છે તેવુ પણ સાબિત કરી શકેલ નથી તેમજ દાવાની હકીકતો ધ્યાને લેતાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ તેઓની તરફેણમાં ન હોઈ મુદા.નં.૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે. મુદ્દા નં.–૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં

આવે છે.

**// હુકમ //**

વાદીની આંક–૫ મનાઈ અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧૮ મી માહે સપ્ટેમ્બર સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાદી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૯/૨૦૨૪
મુ. વંથલી

( આઈ.એ.શેખ )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,
વંથલી.